**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં લારી-ગલ્લામાં ફટાકડા વેચાણ શરૂ

ગાંધીનગર, તા.૩૦

દિવાળીના દિવસો આંગળી વેઢે ગણાય તેટલા રહેવા પામ્યા છે. તેમ છતા તંત્ર દ્વારા વેપારીઓને જગ્યા કે સ્ટોલની ફાળવણી થઈ નથી. ત્યારે શહેરમાં લારી-ગલ્લામાં દારૂખાનાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ક્યાંક મોટાપાયે વેપારીઓ દ્વારા ફટાકડાનું વેચાણ થઈ રહ્યું છે તો ક્યાંક નાના પાયે છુટક વેચાણ કરતા વેપારીઓ નજરે પડી રહ્યા છે. તો બીજી તરફ ફટાકડામાં જીએસટી અને ટ્રાન્સપોર્ટનો ખર્ચ વધી જતો હોવાથી ફટાકડાના ભાવમાં પણ વધઘટ જોવા મળી રહી છે. જેથી શહેરમાં ફટાકડાની ઘરાકી પર અસર પડી શકે છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭, ૨૧, અને સે-૨૪ માં ફટાકડાનું મોટું બજાર ભરાય છે. તંત્ર દ્વારા ફટાકડા બજારને મંજુરી આપવામાં આવે છે. એક બજારમાં અંદાજીત ૫૦ થી વધુ સ્ટોલ હોય છે ત્યારે આ વર્ષે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવા છતા ફટાકડાના સ્ટોલ શરુ નહી થતા કેટલાક વેપારીઓએ લારીઓમાં તેમજ ગલ્લામાં ફટાકડાનું વેચાણ શરુ કરી દીધુ છે. જયારે લાખો રૂપીયાના માલ સામે માત્ર ત્રણ ચાર દિવસમાં વેપાર કરવો પડે છે. જેથી લાખો રૂપીયાનો માલ કયારેક વેચાણ ન થતા પડ્યો રહે છે. ત્યારે આ વર્ષે દિવાળીને આડે માડ ગણતરીના દિવસો હોવા છતા દુકાનો ન મળતા વેપારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે સે-૨૧, ૨૪ અને ૭ સહિત મીનાબજારમાં ફટાકડાનું વેચાણ વેપારીઓ કરી રહ્યા છે. ત્યારે આ વર્ષે જીએસટી અને ટ્રાન્સપોર્ટના કારણે ફટાકડાના ભાવમાં નજીવો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ શહેરના બજારમાં ચાઈનીઝ ફટાકડાનું વેચાણ નહીંવત છે. શહેરમાં ફટાકડાનું બજાર મંદીના માહોલ જેવું છે. પરંતુ આગામી દિવસોમાં ઘરાકી ખુલશે તેવું વેપારીઓ જણાવી રહ્યા છે.



## @ગાંધીનગર

● સંસ્કાર ગ્રુપ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે તેમના જીવનવિષેની માહિતીની ચર્ચા અંગે કાર્યક્રમ સે-૭ ઈન્કવાયરી પાસે બગીચા ખાતે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

● સરદાર પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિના વિક્રમભાઈ પટેલના જણાવ્યા મુજબ સરદાર સાહેબની પ્રતિમા, વિધાનસભા પટાંગણ, સેક્ટર-૧૦ ખાતે સવારે ૮.૩૦ કલાકે પુષ્પાંજલીનો કાર્યક્રમ ભાઈઓ, બહેનો તથા વડીલોની ઉપસ્થિતિમાં યોજાશે.

# ગાંધીનગર સિવિલના આઠ ડોક્ટરની હિંમતનગર મેડીકલ કોલેજ ખાતે બદલી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી એક માસ અગાઉ ૨૦ ડોકટરની બદલી કરવામાં આવી છે. જેમાં ૧૨ વડનગર, ૮ હિંમતનગર અને ૨ ડોકટરની જુનાગઢ ખાતે બદલી કરાઈ છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ડોકટરોની અછત વર્તાતી હતી. ત્યારે રોગચાળાની સ્થિતિ વચ્ચે હિંમતનગર મેડીકલ કોલેજમાં એમસીઆઈના ઈન્સ્પેકશનને પગલે બીજા આઠ ડોકટરની બદલી થતા સિવિલમાં તબિબોની તંગી સર્જાઈ રહી છે ત્યારે દર્દીઓને સારવાર આપી સ્વસ્થ કરતી સિવિલ ખુદ તબિબો વિના બિમાર પડી ગઈ છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ ૬૦૦ બેડની હોસ્પિટલ ઉભી કરાઈ છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓની મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. તેવી સ્થિતિમાં અગાઉ ૨૦ અને હાલ ૮ તબીબની બદલી કરી દેવામાં આવતા સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. મેડીકલ કોલેજ તંત્ર દ્વારા દર્દીઓની સામાન્ય પરવા કર્યા વિના ૮ તબિબના ઓર્ડર કરવામાં આવ્યા હતા. આજે સવારે એક સાથે ૮ તબિબોને હિંમતનગર લઈ જવાયા હતા. જેથી ડોકટર વિના રૂમ ખાલી જોવા મળી રહ્યા છે. ઓપીડી, ઈમરજન્સી, વોર્ડ અને વીઆઈઓની સેવા આ તમામ જવાબદારી ડોકટર ઉપર હોવા છતા સર્જરી, ઓર્થોપેડીક, પીડીયાટ્રીક , ગાયનેક મેડીશીન, એનેથેસીયા તેમજ પેથોલોજી સહિત તમામ વિભાગોમાં પુરતા પ્રમાણમાં ડોકટરો નથી રહ્યા. એક બાજુ શહેરમાં ડેન્ગ્યુ અને સ્વાઈન ફલુના કેસ સામે આવી રહ્યા છે, વાઈરલ ઈન્ફેકશનના કેસ સતત વધી રહ્યા છે. સિવિલ દર્દીઓથી ઉભરાઈ રહી છે ત્યારે ડોકટરો ના હોવાથી ભારે અવ્યવસ્થા સર્જાઈ છે. જયારે પણ જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ કોલેજમાં એમસીઆઈનું ઈન્સેપેકશન આવે ત્યારે તબીબોને એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ મુકી દેવાની નિતી વર્ષોથી જીએમઈઆરએસ દ્વારા અપનાવવામાં આવે છે.

### સિવિલમાં હાજર તબિબને ખાસ કિસ્સામાં સોનોગ્રાફી અને એકસ-રે લખવા તંત્રની સુચના

ગાંધીનગર સિવિલમાંથી પહેલા ૨૦ અને ત્યારબાદ આજે ૮ તબિબની બદલી હિંમતનગર ખાતે કરવામાં આવી છે. જેથી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તબિબોની અછત વર્તાઈ રહી છે. દર્દીઓના ધસારાને પગલે રેડીયોલોજી વિભાગમાં ખાસ ડોકટર ના હોવાથી તંત્રએ અન્ય ડોકટરને મૌખિક સુચના આપી છે કે જરૂરીયાત મુજબના દર્દીને જ એકસ-રે કે સોનોગ્રાફી લખવી નહી. તેમ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે, ત્યારે સોનોગ્રાફી વિભાગમાં પણ દર્દીઓને પંદર દિવસ પછીના દિવસોની તારીખ આપવામાં આવી રહી છે.

### સિવિલના સ્પેશીયલ વોર્ડમાંથી ૫ રૂમ ખાલી કરાવાયા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પ્રસંગે ગુજરાત આવેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગાંધીનગર રાજભવન ખાતે રાત્રી રોકાણ હોવાથી પીએમના પ્રોટોકોલને અનુલક્ષી સિવિલમાં બેઈઝ હોસ્પિટલ ઉભી કરાઈ છે અને સ્પેશીયલ વોર્ડના પાંચ રૂમ તંત્રએ ખાલી કરાવી દીધા છે ત્યારે રૂમમાં રહેલા દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી. જો કે સિવિલ તંત્ર એ અન્યત્ર વ્યવસ્થા કરી આપતા દર્દીઓએ રાહતનો દમ લીધો હતો.

# બ્રહ્માકુમારી ખાતે થીમ બેઝ રંગોળી સ્પર્ધા યોજાશે

## વેસ્ટમાંથી બેસ્ટ દિવાળી કાર્ડ મેકીંગ સ્પર્ધાનું પણ આયોજન

ગાંધીનગર, તા.૩૦

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ખાસ દિવાળીના તહેવારને અનુલક્ષીને સોમવાર ૫ નવેમ્બર ૨૦૧૮ના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન બ્રહ્માકુમારીઝ શિવશકિત ભવન સેકટર-૨૮ ગાંધીનગર ખાતેના પીસ પાર્ક ખાતે થીમ બેઝ રંગોળી સ્પર્ધા તેમજ વેસ્ટમાંથી બેસ્ટ દિવાળી કાર્ડ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં ૮ થી ૧૫ વર્ષ, ૧૫ થી ૨૫ વર્ષ, એમ બે વય ગૃપના બાળકો તેમજ ભાઈઓ બહેનો માટે આયોજીત કરવામાં આવી છે. સ્પર્ધાની થીમ સ્વચ્છતા, બેટી બચાવઓ, બેટી પઢાવો, પર્યાવરણ સુરક્ષા અને ઉર્જા બચાવો ની રહેશે. સ્પર્ધકોએ ચિરોળી રંગ પોતાની સાથે લાવવાના રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈ જ એન્ટ્રી ફી રાખવામાં આવી નથી. સ્પર્ધાના આયોજન પાછળ લોકમાનસ વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા તરફ વળે અને સૌનો સાથ સૌના વિકાસની ભાવના ઉજગાર કરવાનો છે. આ સ્પર્ધા સમાપ્ત થયા બાદ તુરંત જ સાંજે ૭.૧૫ કલાકે વિષયના તજજ્ઞ નિર્ણાયકો દ્વારા બંન્ને સ્પર્ધામાં આવેલા ચારે ચાર થીમના પ્રથમ દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતાઓને બ્રહ્માકુમારી દીદીજી તથા આમંત્રિત મહેમાનોના શુભ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવશે.

શહેરના ઈચ્છુક ભાઈ બહેનોને સ્પર્ધામાં ભાગ લેવા માટે બહેનોનો પૂજય કૈલાશદીદીએ આમંત્રણ પાઠવ્યું છે. રજીસ્ટ્રેશન ફોર્મ શનિવાર તા. ૩ નવેમ્બર ૨૦૧૮ના રાત્રે ૮ કલાકે વાગ્યા સુધીમાં વોટસએપ પર મોકલવાના રહેશે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે. ફોર્મ બી.કે. શાહનો મોબાઈલ વોટસએપ મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧ પર મોકલી આપવા જણાવાયું છે.

## ગાંધીનગર શહેરના પેન્શનર્સ સમાજની પહેલીએ બેઠક

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના પેન્શનર સમાજના પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીના જણાવ્યા પ્રમાણે ૧લી નવેમ્બર ગુરુવારના રોજ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે સાંજે ૪.૩૦ કલાકે ગાંધીનગર શહેરના પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની માહે નવેમ્બર ૨૦૧૮ની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. જેમાં નવી ડીરેકટરીના વિમોચન કાર્યક્રમ અંગે વિગતે ચર્ચા કરવામાં આવશે તો બેઠકમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## માણેકબા અધ્યાપન મંદિર દ્વારા સરદાર પટેલની જયંતિ ઉજવાઈ



શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજ ખાતે અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ અને ભારતના બિસ્માર્ક એવા સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી આ અંતર્ગત શૌર્યગીતો ગાવામાં આવ્યા હતા. સરદાર પટેલના જીવન તેમના શિક્ષણ અંગેની પ્રેરણાદાયી વાતો તાલીમાર્થી બહેનોએ તેમના વકતવ્યમાં કરી હતી. સંસ્થાના અધ્યાપિકા જાગૃતિબહેન મોદીએ સરદાર પટેલના રાજકીય જીવન તથા આઝાદી સમયે સરદાર પટેલની કોઠા સૂઝથી કેવી રીતે આજના અખંડ ભારતની રચના થઈ તે અંગે વિસ્તૃત વાત કરી હતી. ત્યાર બાદ તાલીમાર્થી બહેનોને સરદાર પટેલનું પિકચર બતાવવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્યા સુરેખાબહેન ચૌધરીએ પ્રેરણા પુરી પાડી હતી.

# માત્ર ૯ માસમાં ૯૦૦ ચિત્રો દોરી અનન્યાની 'અનન્ય' સિધ્ધિ

## ગાંધીનગરની નવ વર્ષની દિકરી અનન્યા પિશા રોડીએ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું : ૯૦૦ સ્કેચિસ દોરીને 'લાર્જેસ્ટ એકિઝબીશન ઓફ સ્કેચિસ બાય અ ચાઈલ્ડ'નો એવોર્ડ પ્રાપ્ત કર્યો



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની માત્ર નવ વર્ષની દિકરી અનન્યા પિશારૉડીએ ચિત્રકળા ક્ષેત્રે અનોખો વિક્રમ સ્થાપ્યો છે જેને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે. અનન્યાએ માત્ર નવ માસના સમયગાળામાં કુલ ૯૦૦ સ્કેચિસ દોર્યા છે અને તેની આ સિધ્ધિ બદલ ગત તા. ૨૮મી ઓકટોબરના રોજ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ છે. યોગાનુયોગ જે દિવસે તેને પ્રમાણપત્ર પ્રાપ્ત થયું તે દિવસે તેનો જન્મદિવસ હતો.

ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડના એડજયુડિકેટર બિશ્વદિપ રોય ચૌધરીએ અનન્યા પિશારૉડીના ચિત્રોનું વેરિફિકેશન કર્યું હતું અને જરૂર જણાયા ત્યાં પ્રશ્નો પણ પૂછયા હતા. પુરતી ખાત્રીના અંતે તેમણે અનન્યાને 'લાર્જેસ્ટ એકિઝબીશન ઓફ સ્કેચિસ બાય અ ચાઈલ્ડ'ના રેકોર્ડથી સન્માનિત કરી હતી અને તે માટે પ્રમાણપત્ર તથા એવોર્ડ એનાયત કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટિ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

અનન્યા પિશારૉડી વાવોલની સિધ્ધાર્થ મિરેકલ્સ સ્કૂલમાં ધો-૪માં અભ્યાસ કરે છે અને સેકટર-૩-બી ખાતે રહે છે. તેના પિતા, સતિશ પિશારૉડી તથા માતા ગીતાબેનની પ્રેરણાથી અનન્યાએ આ 'અનન્ય' સિધ્ધિ હાંસલ કરવાનું બીડું ઝડપ્યું હતું. અનન્યા ચિત્રકળા ઉપરાંત ગિટાર-કિબોર્ડ વગાડવાનો શોખ પણ ધરાવે છે તેમજ અભ્યાસમાં પણ અગ્રેસર છે. અનન્યાએ નાની ઉંમરે આ સિધ્ધિ હાસંલ કરીને ગાંધીનગરનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યુ છે જે પાછળ તેનો અથાગ પરિશ્રમ રહેલો છે જે અન્ય બાળકો માટે પ્રેરણારૂપ બની રહેશે.

# શહેરમાંથી વધુ બે બાઈક ચોરાયા : એક બાઈક રૂપાલથી ચોરાયુ

## સિવિલમાંથી ઈન્ટર્નશીપ કરતાં ડોક્ટરનું અને સે-૧૨ ખાતે લાયબ્રેરી પાસેથી વિદ્યાર્થીનું બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા. ૩૦

પાટનગરમાં વાહન ચોરોએ તરખાટ મચાવ્યો છે ત્યારે શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી વધુ બે વાહનોની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈન્ટર્નશીપ કરતાં ડોકટરનું હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ જવા પામ્યું છે. તો બીજી તરફ સેકટર-૧૨ ખાતે ઉમિયા માતાના મંદિર પાસે આવેલી લાયબ્રેરી બહારથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીનુ બાઈક ચોરાઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. જ્યારે રૂપાલ-પલ્લી વખતે રૂપાલમાંથી બાઈક ચોરાયુ હોવાની ફરિયાદ ગઈકાલે પેથાપુર પોલીસ મથકમાં નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર મેડિકલ કોલેજમાં ઈન્ટર્નશીપ કરતા ડોકટર નિલકંઠભાઈ નવનીતભાઈ ભુંગાણી જી.એમ.ઈ. આર.એસ પીજી હોસ્ટેલમાં સેકટર-૧૨ ખાતે રૂમ નંબર ૧૦૫માં રહે છે. સિવિલ હોસ્પિટલના બાળકોના વિભાગના તેમની ડ્યુટી છે. ગઈકાલે સવારે તેઓ ડ્યુટી કરવા માટે ગયા હતા અને પોતાનું બાઈક હોસ્પિટલ કેન્ટીન પાસે બહાર પાર્કિંગમાં મૂક્યું હતું. બપોરે બે વાગ્યે ડ્યુટી પતાવીને તેઓ પરત ફર્યા ત્યાં સુધીમાં તેમનું બાઈક કોઈ શખ્સ ચોરીને રફુચક્કર થઈ ગયું હતું. આ મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તો બીજી તરફ સેકટર-૨૬ ખાતે કિસાનનગરમાં મિત્રો સાથે રહેતા પિયુષભાઈ ધરમશીભાઈ પટેલ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. સેક્ટર-૧૨ ઉમિયા માતાજીના મંદિર ખાતે ક્લાસીસ અને લાયબ્રેરી ચાલે છે. જ્યાં તેઓ વાંચવા માટે ગયા હતા. જ્યારે પરત ફર્યા ત્યારે જોયું તો તેમનું બાઈક પણ ચોરી થઈ ગયું હતું. સે-૭ પોલીસે પિયુષ પટેલની ફરિયાદના આધારે બાઈ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. તે ઉપરાંત રૂપાલ-પલ્લી મેળામાં રૂપાલ ખાતેથી એક બાઈક ચોરી થયું હતું તે મામલે ગઈકાલે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. પેથાપુર પોલીસે હાર્દિક સોલંકીની ફરિયાદના આધારે બાઈક ચોરીનો ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.



બેંક ઓફ બરોડા રીજીયન ઓફીસ ગાંધીનગર દ્વારા સતર્કતા જાગૃતિ અઠવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અનુસંધાને રીજીયન ઓફીસ ગાંધીનગરના ડેપ્યુટી જનરલ મેનેજર તથા રીજીયન હેડ દક્ષા શાહની ઉપસ્થિતિમાં રીજીયન ઓફીસના બધા જ કર્મચારીઓએ તા. ૨૯-૧૦-૧૮ના રોજ સત્ય નિષ્ઠા માટે પ્રતિજ્ઞા લીધી હતી તથા સતર્કતા જાગરૂકતા અઠવાડિયા દરમિયાન રીજીયનની બધી ગ્રામ્ય શાળાઓ દ્વારા ગ્રાહકોને જાગૃત કરવા માટે ગ્રામ સભાઓનું પણ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રીજીયનની બધી શહેરી શાખાઓ દ્વારા શાળાઓમાં સતર્કતા જાગૃત શિબિરનું પણ આયોજન કરવામાં આવશે.



સેકટર-૬માં આવેલ ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં બધા બાળકો માટે મફત ડેન્ટલ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાઈડૅંટ ઓરલ કેર ડેન્ટલ કિલનિકમાંથી ડૉ. ભાગ્યશ્રીએ બધા જ બાળકોના દાંતનું ચેક અપ કરીને વાલીઓને દાંતની કાળજીની સજાગતા વિશે સમજાવ્યું હતું. ડિવાઈન જૂનિયરના સ્થાપક ગિરા ચૌધરી આવા કાર્યક્રમો કરી પ્રીસ્કૂલનો સર્વાંગી વિકાસ કરી રહ્યા છે.

## રવિવારે ટ્રાફિક એન્ડ રોડ સેફટી થીમ આધારિત જલ્સા સ્ટ્રીટ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં જલ્સા સ્ટ્રીટ એ હવે લોકપ્રિય ઈવેન્ટ બની રહી છે. 'મારું ગાંધીનગર' દ્વારા આયોજિત કરાતી જલ્સા સ્ટ્રીટ આગામી તા. ૪થી નવેમ્બરથી રવિવારે સવારે ૭ વાગે ઘ-૪ સર્કલ પાસે સેન્ટ્રલ વિસ્ટા ખાતે ફરી એકવાર યોજાનાર છે જેમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેના કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહેશે.

વહેલી સવારે ઘ-૪ સર્કલે ખુશનુમા વાતાવરણમાં યોજાતી જલ્સા સ્ટ્રીટમાં યુવાવર્ગ મોટા પ્રમાણમાં જોડાય છે. જલ્સા સ્ટ્રીટમાં ઝુમ્બા ડાન્સ, ગરબા, ચોક પેઈન્ટીંગ જેવા આકર્ષણો દર વખતની જેમ યોજવામાં આવ્યા છે. આ વખતની જલ્સા સ્ટ્રીટની વિશેષતા એ છે કે તેની થીમ 'ટ્રાફિક એન્ડ રોડ સેફટી' રાખવામાં આવી છે જેનો ઉદ્દેશ નાગરિકોમાં ટ્રાફિક તથા રોડ સેફટી પ્રત્યે નિયમપાલનની જાગૃતિ વધે જેથી અકસ્માતોનું પ્રમાણ ઘટી શકે તેવો છે.




## આઈએનઆઈએફડી ગાંધીનગર ખાતે હેલોવીન ડે ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

દર વર્ષે ૩૧મી ઓક્ટોબર હેલોવીન ડે તરીકે ઉજવવામાં આવે છે જયારે આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓએ એક અનોખા અંદાજમાં આ દિવસની ઉજવણી કરી હતી તેમને હેલોવીનને લાગતી અનેક ડિઝાઈન બનાવી અને એ મુજબ વિદ્યાર્થીઓ એ મેકઅપ પણ કર્યુ હતું. આ દિવસ માટે વિદ્યાર્થીઓ દ્વારા સૌથી વધુ ભયાનક દેખાવ વાળા વસ્ત્રો અને ડિઝાઈન્સ બનાવવામાં આવ્યા હતા અને ખાવા પીવાની વસ્તુઓ પણ એ રીતે જ બનાવવામાં આવી હતી અને ત્રણ વિદ્યાર્થીઓને સૌથી ભયાનક લુક બદલ સટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા.